# મોદી વિનાનું ગુજરાત કોને ફળશે?

**આ ચૂંટણી વર્ષ છે. ચૂંટણીનાં નગારાં વાગવા માંડ્યાં છે. મોદીએ ગાંધીનગરથી દિલ્હી સુધીની છલાંગ માર્યાના ત્રણ વર્ષ થઇ ગયાં છે ત્યારે ભાજપ ગુજરાતનું ગાંધીનગર સાચવી શકશે? કોંગ્રેસનો ઉદ્ધાર થઇ શકશે?**




**વિપુલ વ્યાસ.** aarpar@gmail.com

આ ચૂંટણી વર્ષ છે. ચૂંટણીનાં નગારાં વાગવા માંડ્યાં છે, ફક્ત તારીખ પડવાની વાર છે. ભાજપ અને કોંગ્રેસે ધાર સજાવવા માંડી છે. મોદીએ ગાંધીનગરથી દિલ્હી સુધીની છલાંગ માર્યાના ત્રણ વર્ષ થઇ ગયાં છે, ત્યારે ભાજપ ગુજરાતનું ગાંધીનગર સાચવી શકશે? કોંગ્રેસનો ઉદ્ધાર થઇ શકશે?

એમ તો ભાજપે ૧૫૦ પ્લસની વાત કરવા માંડી છે. ભાજપીઓ ઘણા ઉત્સાહી છે. જોકે તેમનો ઉત્સાહ એટલા માટે વ્યાજબી છે કે અહીં કોંગ્રેસ સાવ નબળી છે, તો બીજો કોઇ પડકાર નથી. છતાં મોદી માઇનસ ભાજપ દોઢસોનું સપનું સાકાર કરી શકે ખરો? મોદીનો સુવર્ણકાળ હતો, ત્યારે પણ ભાજપ એટલી બેઠક મેળવી શક્યું ન હતું, તો હવે તો મોદી દિલ્હી છે, ત્યારે ભાજપ એ કરિશ્મા દેખાડી શકે એટલો શક્તિશાળી છે ખરો? ઘણા પ્રશ્નો પુછાઇ રહ્યા છે અને પૂછાશે પણ ખરા, એ તમામનો જવાબ હાલ તો મળી શકે એમ નથી. ચૂંટણી જંગ શરૂ થતાં સુધીમાં તો સાબરમતીમાંથી કેટલાય પાણી વહી જશે, સોરી ઉમેરાઇ જશે. મુખ્ય મુદ્દો એ છે કે મોદીએ ગુજરાતમાંથી વિદાય લીધાને ત્રણ વર્ષ થયા છે, ત્યારે બીજું કાંઇ થયું કે ન થયું, પણ તેમના વિરોધીઓ તો શક્તિશાળી બની શકયા જ નથી. એકે વિપક્ષ પાસે એવો બળૂકો નેતા નથી કે ચૂંટણી જીતી શકાય. મોદીને પડકાર ફેંકી શકે. આ સંજોગોમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કોઇ મોટો પ્રતિસ્પર્ધી ભાજપ માટે બાકી રહ્યો નથી. ૨૦૧૪ની નાલેશીભરી હાર બાદ કોંગ્રેસ હજુ બેઠી થઇ શકી નથી. એ ખરું કે રોજગાર અને પાકિસ્તાન નીતિ અંગે મોદી સરકાર બેકફૂટ પર જરૂર છે, પણ તેનો લાભ લઇને મત મેળવી જાય એવા વિપક્ષના અભાવને કારણે મોદી સરકાર માટે લોકસભાની ચૂંટણી કોઇ મોટો પડકાર બને એમ લાગતું નથી. પરંતુ મોદીના હોમગ્રાઉન્ડ એવા ગુજરાતમાં આ જ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાઇ રહી છે, તેમાં એવા સુવાંગ વિજયની તક ખરી?

ગુજરાતમાંથી નરેન્દ્ર મોદીએ વિદાય લીધી, તેના ત્રણ વર્ષ થયા તેમાં મુખ્યમંત્રી તરીકે બે ચહેરા આવી ગયા છે. અત્યારે એવી ટીકા સતત થતી રહે છે કે ગાંધીનગરમાં અઢી મુખ્યમંત્રી છે : અમિત શાહ, વિજય રૂપાણી અને નીતિન પટેલ. એ તો સ્વીકારવું જ પડે એમ છે કે મોદી જેવા બળૂકા નેતા એકે રાજકીય પક્ષ માટે નથી. મોદી એવું વટવૃક્ષ છે કે તેના છાંયડામાં બીજો એકે છોડ પાંગરી શકે નહીં. કોઇ પણ પક્ષ ચલાવવા માટે એ સ્થિતિ હરખાવા જેવી નથી. રાજકીય પક્ષમાં તો બીજી કેડર તૈયાર થતી રહેવી જોઇએ. કોંગ્રેસમાં પણ એમ થઇ ન શક્યું અને અત્યારે તો ભાજપમાં એમ થતું જોવા મળતું નથી. મોદીનો અવકાશ ભરી શકે એવો એકે નેતા ગુજરાતમાં પાક્યો નથી. એ અવકાશ છેલ્લા ત્રણ વર્ષમાં ભરી શકાયો નથી, એ કડવું સત્ય અત્યારે ભાજપને સતાવી રહ્યું છે. હજુ તો મોદીનો પ્રભાવ વર્તાઇ રહ્યો છે, તેને કારણે ગુજરાતને જીતવામાં ભાજપને મુશ્કેલી પડી શકે એમ નથી. મોદી વિનાના ગુજરાતમાં જો કોઇ મોટો પ્રશ્ન માથું ઉંચકતો થયો હોય તો તે નેતાગીરીનો છે. મોદીના ગાંધીનગરમાં એવું લોખંડી રાજ હતું કે તેમની મંજૂરી વિના એક પાંદડું પણ હાલી શક્તું ન હતું. વહીવટીં તંત્ર ઉપર તેમની પકડ એવી હતી કે કયો અધિકારી ક્યાં શું કામ કરે છે, તેની તેમને જાણ હતી. આ કારણથી તેમનું અધિકારીઓ ઉપર પ્રભુત્વ રહેતું હતું. ઉપરાંત તેઓ પ્રજા સાથે જોડાયેલા રહ્યા છે. એમ કહેવાય છે કે કેશુભાઇ પટેલ, શંકરસિંહ વાઘેલા ઉપરાંત નરેન્દ્ર મોદી જ એક એવા નેતા છે, જેમને ગુજરાતના દસ હજાર ગામડાંના નામ મોઢે છે. આ કોઇ મેમરી ટેસ્ટની વાત નથી, પણ તેઓ એટલા એટેચ રહે છે, જેને કારણે અધિકારીઓ ઉપર એક પ્રભાવ પડતો રહે છે કે, સાહેબ તો બધું જાણે જ છે. જોકે તેમના ૨૦૦૨થી ૨૦૧૪ સુધીના કાર્યકાળની અસર એ પડી કે આજે પણ ગાંધીનગરના અધિકારીઓ દિલ્હી ઉપર જ નજર રાખીને બેસે છે. આ તમામ ક્ષમતા વચ્ચે તેમની પોલિટિકલ સેન્સ એવી શાર્પ રહી છે કે તેને કારણે કયા કામો કઇ રીતે ઉકેલવા તેની કોઠાસૂઝ તેમની પાસે ખૂબ જ સારી છે. પ્રજાને સાથે રાખીને ચાલવાના અને પોતાની મહત્ત્વની મિટિંગમાં પસંદગીના લોકોને જ સાથે રાખવાના અભિગમથી તેઓ પ્રજાપ્રિય પણ રહ્યા અને પસંદગીપ્રિય પણ રહ્યા.મતલબ કે અંતર રાખીને કડપ પણ રાખતા રહ્યા.

જ્યારે તેમની ગાંધીનગરથી વિદાયને પગલે વહીવટી તંત્ર ઉપરની શાસકની પકડ ઢીલી પડી છે, એ જરૂર ઉડીને આંખે વળગે એવી વાત છે. મોદીના ઉત્તરાધિકારી તરીકે આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બન્યાં હતાં. તેઓ સારા વહીવટકર્તા અને ટેકનિકલ

નોલેજ ધરાવતાં મુખ્યમંત્રી ખરાં, પણ પોલિટિકલ મેનેજમેન્ટમાં તેઓ સાવ નબળાં રહ્યાં, જેને કારણે તેઓ લાંબું ખેંચી શક્યા નહીં. એ ઓછું હોય એમ મિડિયા મેનેજમેન્ટમાં પણ તેઓ સાવ નબળાં રહ્યાં. સરવાળે તેઓની વિદાયે પણ કોઇએ આંસુ વહાવ્યાં ન હતાં. પક્ષમાં પણ તેઓ સંકલન સાધી શક્યાં નહીં. આ તમામને પગલે પાટીદાર આંદોલને એવો તો ભડકો કર્યો કે તેમાં તેઓ ભરખાઇ ગયાં. આનંદીબેન પટેલ એક વાત ભૂલી ગયા કે અમિત શાહ તેમના વિરોધી તરીકે સાવ મજબૂત છે અને તેને કારણે તેમની સાથે ઉંદર બિલાડીની રમત રમતા રહેવાને બદલે સમાધાન જ કરી લેવાય. ગૃહ મંત્રાલય તેમની પાસે હોવા છતાં પાટીદારોના સંમેલનમાં બાજી કેમ બગડી ગઇ તેનો અંદાજ તેમને આવ્યો જ નહીં. પાટીદાર આંદોલને તેમને સાવ નબળા પુરવાર કરી દીધા અને તેને પગલે તેમના વિકલ્પ તરીકે અમિત શાહના ખાસ ગણાતા વિજય રૂપાણીએ ગાંધીનગરની ધુરા સંભાળી હતી.વિજય રૂપાણી સંગઠનના જૂના માણસ છે. પરંતુ તેમને વહીવટનો ખાસ અનુભવ નથી અને તે આજે ગાંધીનગરમાં પુરવાર થતું રહે છે. નબળા શાસકને પગલે હાથ નીચેના માણસોને ચઢી વાગતા હોય છે, એમ આજકાલ અધિકારીઓ શક્તિશાળી બની ગયાના સંકેત મળતા રહે છે. મોદીના જમાનામાં અધિકારીઓ ખાસ વગ દેખાડી શકતા ન હતા, પણ એ વગ તેઓ હવે વાપરતા જોવા મળતા થઇ ગયા છે. જોકે આજે પણ રાજ્યમાં કેટલીય યોજનાઓ રાજ્ય અને કેન્દ્ર સરકારના સંયુક્ત નેજા હેઠળ ચાલતી હોવાને કારણે દિલ્હીમાં હોવા છતાં અહીંનું વહીવટીતંત્ર મોદીના ઇશારાની રાહ જોતું જ હોય છે. એમ રાજકીય ઉત્તરાધિકારીઓ પણ મોદીના પડછાયામાંથી બહાર નીકળી શકયા નથી.મતલબ કે આજે પણ ગુજરાતમાં સ્વતંત્ર નેતાગીરી ઉભરી શકી નથી. પડદા પાછળ મોદીની હાજરી સતત વર્તાતી રહે છે. આ સંજોગોમાં ગાંધીનગરમાં મોદીરાજમાં જે રીતે લોખંડી પડદો જોવા મળતો, એ પડદો હવે રહ્યો નથી. પ્રજાની હકડેકઠ મેદનીને સંબોધી તેમની સાથે તાર જોડેલા રાખતા મોદીના સમયમાં એક કેન્દ્રીકરણ દેખાતું, હવે તેને બદલે ખુલ્લા દરબાર જેવું વાતાવરણ થઇ ગયું છે. આ વિકેન્દ્રીકરણ પક્ષમાં નેતાઓની આપસી મનમેળ ન હોવાના પુરાવા પણ આપતું રહ્યું છે. મોદીનું વ્યક્તિત્વ એવું હતું કે કોઇ વિરોધી સૂર સંભળાતો નહોતો, તેને બદલે આજે એ મતભેદ કે મનભેદ સપાટી પર આવવા માંડ્યા છે.

ગાંધીનગરની હવામાં મોદી જેવી પકડ દેખાતી નથી, પરંતુ તેની અવળી અસર આગામી ચૂંટણીમાં ભાજપને ભોગવવી પડે એવું પણ ચિત્ર નથી. ગુજરાતમાં અત્યારે વિપક્ષ વિનાનું રાજકારણ લાગે છે. કોંગ્રેસ સિવાય બીજો કોઇ વિકલ્પ દેખાતો નથી. આપનું સુરસુરિયું થઇ ગયું છે. દિલ્હીમાં આપ જે ફૂટ અને વિવાદની જડ બની ગઇ છે, એ પછી ગુજરાતમાં તેના ઉપર પ્રજા ભરોસો મૂકે એમ નથી. ઉપરાંત એ પણ ખાસ નોંધવા જેવી વાત છે કે ગુજરાતે સ્થિરતાને વધુ પ્રાધાન્ય આપ્યું છે. હાલના પાટીદાર આંદોલન વેળા ત્રણ ચહેરા ચર્ચામાં રહ્યા હતા : હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી. જોકે આ ત્રણે ચહેરા સૈન્ય વિનાના સેનાપતિ જેવા જ રહ્યા છે. ભાજપને ડર હાર્દિક પટેલનો હતો. થોડે અંશે હજુ પણ છે. છતાં એક વાત યાદ રાખવી ઘટે કે હાર્દિક પટેલ પણ કોંગ્રેસને મત આપવા રાજીપો દેખાડી ચૂક્યો છે, પણ કોંગ્રેસની કંઠી બાંધે એમ લાગતું નથી. આજે પણ હાર્દિક હાજરી પુરાવવા માટે ધખારા કરતો રહે છે, એ સિવાયના બંને નેતાઓ- અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી ખાસ ગજું કાઢી શક્યા જણાતા નથી. રહી વાત કોંગ્રેસની, તો કોંગ્રેસમાં પણ ભાંજગડ ચાલી રહી હોવાના સંકેત મળતા રહે છે. ખાસ કરીને મોદીના ખાસ મિત્ર શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં ગૂંગળાતા રહેતા હોય એવું સતત લાગે છે. એક તરફ કોંગ્રેસીઓ વાઘેલાની ધુરા હેઠળ આગળ વધવા રાજી નથી. બધાને ડર છે કે બાપુને સોંપી દેવાય તો પોતાનું કશું નહીં રહે. પરંતુ કોંગ્રેસીઓ એ ભૂલી જાય છે કે અત્યારે કોંગ્રેસ પાસે ગુમાવવા જેવું કશું નથી, તો એક વખત મન મૂકીને બાપુના વ્યૂહથી આગળ તો વધો, પણ એમ કોંગ્રેસીઓ નહીં કરે, એ સંજોગોમાં આ લખાય છે, ત્યારે વાઘેલા પણ કોંગ્રેસને રામ રામ કરી દે તો નવાઇ પામવા જેવું નથી. મોદી વિનાનું ગુજરાત કોને કેટલું ફળશે એ જોવું રહ્યું.

## મોદી સરકારનાં ત્રણ વર્ષ

૨૬મી મેએ મોદી સરકારે દિલ્હીમાં ત્રણ વર્ષ પૂરાં કર્યાં છે, ત્યારે તેના લેખાજોખાં અવશ્ય થશે. ચૂંટણી માટેનો હાફ વે માર્ક પૂરો થયો છે. હવે સરકાર બે વર્ષમાં ચૂંટણી માટે તૈયારી કરશે, એ સંજોગોમાં આ ત્રણ વર્ષમાં શું કામગીરી કરી એ મહત્ત્વનું થઇ પડે છે.

સાદી ભાષામાં કહીએ તો મોદી સરકારના નેજા હેઠળ ભાજપનો વ્યાપ અવશ્ય વધ્યો છે. ઉત્તરપ્રદેશ જેવું મોટું રાજ્ય ભાજપે સમાજવાદી પાર્ટી પાસેથી આંચકી લીધું છે, એ સહિત મહદંશે ઘણા રાજ્યોમાં ભાજપની સરકાર રચાઇ એ મોદી સરકારનો રાજકીય પ્લસ પોઇન્ટ છે. વડાપ્રધાન તરીકે મોદીનો કરિશ્મા હજુ ઓસર્યો નથી, તેનો એ પુરાવો છે. રાજકીય સફળતારૂપે તેની ગણતરી અવશ્ય મૂકવી પડે. એ ઉપરાંત ખાસ ચર્ચામાં રહ્યા હોય, એવા બે મુદ્દા છે : ૧. નોટબંધી અને ૨. સર્જિકલ સ્ટ્રાઇક. આ બંને મુદ્દે અનેક વિવાદ થયા હતા, છતાં પ્રજા સરકાર વિરોધી રહી નથી, એ પુરવાર થયું છે.આ બે બહુચર્ચિત



મુદ્દા ઉપરાંત ઇન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં કુલભૂષણ જાધવના મુદ્દે પહેલા પગથિયે જીત થઇ એ પણ સરકાર તથા એડવોકેટ ટીમની સહિયારી સફળતા ગણવી પડે. હા, આ ત્રણ વર્ષ દરમ્યાન બગદાદમાં આઇએસના સકંજામાં ફસાયેલી દક્ષિણ ભારતની નર્સોને બચાવી લેવા સહિત અનેક દેશોમાં આફતમાં આવી પડેલા ભારતીયોને બચાવવામાં સુષ્મા સ્વરાજનું વિદેશ મંત્રાલય ખૂબ જ સક્રિય રહ્યું. જોકે પાકિસ્તાન અને ચીન સાથે સંબંધ સુધારવામાં સફળતા મળી નથી, પણ તેને માટે મોદી સરકારને જવાબદાર ઠેરવી શકાય એમ નથી. ચીન અને પાકિસ્તાન અડિયલ ટટ્ટુ જેવા બની રહ્યા છે, તેથી એ સંબંધ સુધર્યા નથી, તેની નોંધ પણ અવશ્ય લેવી પડે એમ છે.

જોકે સામાન્ય પ્રજાને તો પોતાના વિકાસની જ ચિંતા હોય અને એમાં સરકાર કેટલી સફળ રહી એ જોવું હોય તો આંકડાનો સહારો લેવો પડે. મોદી સરકાર વિકાસદર ૭ ટકા ઉપર જાળવી શકી છે, તેની વિશેષ નોંધ લેવી રહી. ૨૦૧૪-૧૫ના વર્ષમાં અર્થતંત્ર ૭.૨ ટકાના દરે, ૨૦૧૫-૧૬ના વર્ષ દરમ્યાન ૭.૯ ટકા અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૭.૧ ટકાના દરે વિકસ્યું છે. તો નાણાકીય ખાધ ઘટાડવામાં પણ સફળતા મેળવી છે. આ ખાધ ૨૦૧૩-૧૪ના ૪.૫ ટકા હતી, તે ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા હતી અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૩.૨ ટકાનો લક્ષ્ય રખાયો છે.

વહીવટી મુદ્દે વાત કહીએ તો આધારકાર્ડની ઝુંબેશ લાગુ કરવામાં સરકારને સફળતા મળી નથી, તો જીએસટીના અમલમાં પણ હજુ સરકાર ફિફ્ટી ફિફ્ટી ગણાય. વિશ્વમાં તેજી ઉડીને આંખે વળગે એવી નથી, તેથી ભારતમાં વિદેશી રોકાણ ઘટ્યું છે, જેને પગલે માળખાકીય કામોમાં થોડી બ્રેક જરૂર લાગી છે, તો ઉત્પાદન ક્ષેત્રે પણ ધારી સફળતા મળી નથી, જેને પગલે રોજગારી પેદા કરવામાં પણ ધાર્યા નિશાન પાર પડી શક્યા નથી.

છતાં એક સ્પષ્ટ વાત છે કે આ સરકારમાં કોઇ કૌભાંડ બહાર આવ્યું નથી, તે મોદી સરકારની સૌથી મોટી સફળતા ગણાય, હા પંકજા મૂંડે અને મધ્યપ્રદેશના વ્યાપમં કૌભાંડ જેવા કેટલાક વિવાદથી સાવ સાફસૂથરા પક્ષ તરીકેની ઇમેજમાં તલ જેટલો પણ ડાઘ લાગ્યો છે, તે અંગે મોદી સરકારે યોગ્ય પગલાં ભરીને આગામી ચૂંટણી માટે સજ્જ થવાની તૈયારી હવે કરવી પડશે.